# ચિત્રસર્જન (પ્રાયોગિક)

ચિત્રકલા ચિત્રને રંજન આપનારી કલા છે. બાળકો નિજાનંદી હોય છે. બાળકો રેખા દ્વારા આકારોનું સર્જન કરે છે. તે સર્જન દ્વારા બાળક અલૌકિક આનંદ પ્રાપ્ત કરે છે. બાળકોને કલાનું શિક્ષણ આપવાનો મૂળ હેતુ તેની સર્જનશક્તિ તથા વિચારશક્તિ વિકસિત કરવાનો છે. પોતાના વિચારો અભિવ્યક્ત કરવા બાળક ચિત્રના માધ્યમથી ચિત્રસર્જનનો આનંદ લે છે. વિચારોથી થતા સર્જનમાં તે સૌંદર્યના પાઠ શીખે છે. તેથી બાળકોને પણ પોતાના ભાવ-સંવેદનો વ્યક્ત કરવાની તક પૂરી પાડવી જોઈએ.


આગળનાં ધોરણોમાં તમે ચિત્રો દોરવાનો અને તેમાં રંગ પૂરવાનો અભ્યાસ કર્યો છે. આ ધોરણમાં તમારે ચિત્રકલાના આ વિષયોનો વિશેષ અભ્યાસ કરવાનો છે : (1) ચિત્ર-સંયોજન (2) ભાતચિત્ર અને (3) અક્ષરલેખન

**(1) ચિત્ર-સંયોજન (Picture Composition) :**

માનવસમાજમાં જોવા મળતા રોજબરોજનાં દૃશ્યો, માનવજીવનના પ્રસંગો, કાર્યો, ઉત્સવો, તહેવારો, પ્રાણીઓ, પક્ષીઓ અને વૃક્ષો વગેરેનાં ચિત્રો વાસ્તવિક તેમજ સર્જનાત્મક આકારોને યોગ્ય રીતે ગોઠવીને જે ચિત્ર તૈયાર કરવામાં આવે છે તેને ચિત્ર-સંયોજન કહેવાય છે. તેનાથી બાળકોની કલ્પનાશક્તિનો વિકાસ થાય છે. ચિત્ર-સંયોજનનાં ચિત્રો તમારે 20 x 25 સેમીના માપમાં દોરીને તેમાં પીંછીથી પુરાય તેવા જળરંગો પૂરવાના છે. અહીં કેટલાક ચિત્ર-સંયોજનનાં ચિત્રો છાપ્યાં છે. તેના ઉપરથી ચિત્ર-સંયોજનો દોરવાની સમજ કેળવાશે.



ચિત્ર : શ્રી ચિરાગ સુથાર 'રામ અને નાવિક'



ચિત્ર : શ્રી કલેન્દુ મહેતા 'શૃંગાર'




‘પનઘટ’

ચિત્ર : શ્રી પ્રશાંત એમ. પટેલ




ચિત્ર : શ્રી પાનાચંદ લુણેચિયા

‘પક્ષી પ્રેમ’



'માં અને બાળક'



'સફાઈ-કામદાર'

ચિત્ર : શ્રી પ્રશાંત એમ. પટેલ




'પૂજા'




'માછીમાર'

ચિત્ર : શ્રી પ્રશાંત એમ. પટેલ



'પક્ષીઓ'

ચિત્ર : શ્રી પ્રશાંત એમ. પટેલ



'પ્રાણીઓ'


ચિત્ર : શ્રી પ્રશાંત એમ. પટેલ

**(2) ભાતચિત્ર (Desigen) :** આપણે ત્યાં આદિકાળથી મનુષ્ય રોજબરોજની વપરાશની ચીજવસ્તુઓને શણગારતો આવ્યો છે. કારણ કે માણસ માત્ર કલાપ્રેમી છે. તેને સુંદર વસ્તુઓ વાપરવી ગમે છે. સૌંદર્યનું રસપાન કરવાની તેની સહજવૃત્તિથી જ તે કલાપારખું કહેવાય છે. આમ, સૌંદર્યના ઉપાસક મનુષ્યે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે તેની આસપાસની દરેક ચીજવસ્તુઓને શણગારી છે. જેવી કે છરી, ચપ્પુ, સૂડી, પેટી, પટારા, ઘરના ટોડલા, બારી, બારસાખ અને બારણાં, પોતે પહેરેલાં કપડાં અને પડદા વગેરેમાં ડિઝાઇનનો ઉપયોગ કરીને શણગારવાનો પ્રયત્ન કર્યો છે.


આ રીતે બાળકની કલાસૂઝ, કલ્પનાશક્તિ અને અવલોકન શક્તિનું સુઆયોજન કરીને સર્જનશક્તિનો વિકાસ કરી શકે એવા હેતુથી ભાતચિત્ર વિષય શીખવવામાં આવે છે.

અહીં તમારે ત્રણ પ્રકારની ભાતરચનાનો અભ્યાસ કરવાનો છે : (I) ભૌમિતિક આકારોવાળી નિયમિત ભાત (II) ભૌમિતિક આકારો ઓવરલેપિંગ કરેલી ભાત અને (III) સર્જનાત્મક ભાત.


**(I) ભૌમિતિક નિયમિત ભાત :** આવી ભાતરચના તમારે 20 × 20 અથવા કાગળની સાઇઝને ધ્યાનમાં રાખીને યોગ્ય માપના ચોરસમાં તૈયાર કરવાની છે. આવી ભાત માત્ર કંપાસનાં સાધનો દ્વારા જ દોરી શકાય છે. કારણકે તેમાં આકારો નિયમિત(ક્રમબદ્ધ) હોય છે. આવી ભાત ટાઇલ્સ, કાપડ, લોખંડની જાળીઓ કે પથ્થરની કોતરણીમાં ખાસ જોવા મળે છે. અહીં આવી ભાતના કેટલાક નમૂના છાપ્યા છે તેથી આવી ભાતરચના તૈયાર કરવા તમારી સમજ કેળવાશે.



ભૌમિતિક નિયમિત ભાત




ભૌમિતિક નિયમિત ભાત



ભૌમિતિક નિયમિત ભાત

**(II) ભૌમિતિક ઓવરલેપિંગ ભાત :** ભૌમિતિક આકારો જેવા કે ગોળ, ત્રિકોણ, ચોરસ, લંબચોરસ, અર્ધગોળ વગેરેમાંથી ગમે તે એક આકાર વારંવાર ઓવરલેપિંગ કરીને અથવા ત્રણ કે ચાર આકારો એકબીજા ઉપર ઓવરલેપિંગ કરીને આ પ્રકારની ભાત તૈયાર કરી શકાય છે અને તેમાં પીંછીથી પુરાય તેવા જળરંગો પૂરવાના છે અહીં આવી કેટલીક ભાતના નમૂના છાપ્યા છે. જેથી આવી ભાત તૈયાર કરવાની પ્રેરણા મળેશે.




ભૌમિતિક ઓવરલેપિંગ ભાત




ભૌમિતિક ઓવરલેપિંગ ભાત





ભૌમિતિક ઓવરલેપિંગ ભાત

**(III) સર્જનાત્મક ભાત :** આ પ્રકારની ભાતરચનામાં કુદરતી આકારો જેવા કે સૂર્ય, પ્રાણી, પક્ષી, પાણી, માછલી, શંખ, છીપલાં, પતંગિયાં, વૃક્ષો, પર્વતો વગેરે આકારોને સર્જનાત્મક બનાવી કલાત્મક રીતે ગોઠવણી કરીને ચિત્રો તૈયાર કરવાના છે. તમારે આવી ભાતરચનાઓ 20 × 25 સેમીના માપમાં દોરીને તેમાં પીંછીથી પૂરી શકાય તેવા જળરંગો પૂરવાના છે. આવી ભાતરચનાઓના નમૂના છાપ્યા છે જે તમને દોરવામાં મદદરૂપ થશે.



ચિત્ર : શ્રી કલેન્દુભાઈ મહેતા


સર્જનાત્મક ભાત



સર્જનાત્મક ભાત



સર્જનાત્મક ભાત



સર્જનાત્મક ભાત

**(3) અક્ષરલેખન (Lettering) :** ચિત્રકલાનાં જુદાં જુદાં પાસાંનો અભ્યાસ કરતી વખતે અક્ષરલેખનનો અભ્યાસ પણ જરૂરી છે. અક્ષરલેખનમાં તેનો મરોડ આંખને અને હાથને કેળવવામાં મુખ્ય ભાગ ભજવે છે. ઉપરાંત અક્ષરો સંદેશાવાહકનું કામ પણ કરે છે.

બજારમાં ઉત્પાદનને વેચવા માટે જાહેરાતનાં પાટિયાં સુંદર અક્ષરોથી સુશોભિત કરીને લટકાવેલાં જોવા મળે છે. અક્ષરોના સુંદર મરોડ અને યોગ્ય રંગપૂરણી સાથે પૃષ્ઠભૂતી (બેક ગ્રાઉન્ડ)માં સુંદર ચિત્રસર્જન પણ કરેલું હોય છે. જે વિષયને યોગ્ય અને સ્પષ્ટ રીતે રજૂ કરે છે. જેની અસર ગ્રાહકોના દિમાગ ઉપર લાંબા સમય સુધી રહે છે. તેથી પ્રેરાઈને ગ્રાહક તે ઉત્પાદનની વસ્તુઓ ખરીદવા માટે આકર્ષાય છે.

આમ, અક્ષરલેખન એ સંદેશાવાહક ગણાય છે. આથી બાળકોને અક્ષરલેખનનું પાયાનું જ્ઞાન આપવાનો આશય અહીં રહેલો છે.


દરેક દેશ, પ્રાંત અને ભાષા પ્રમાણે મરોડમાં ફેરફાર જોવા મળે છે. જે સર્જકની આગવી સૂઝ ઉપર આધારિત છે. સુંદર આલેખન, સપ્રમાણ અવકાશ, કલાત્મક રચના, વાંચી શકાય તેવી રીતનું લખાણ, વિષયને અનુરૂપ સંયોજન અક્ષરલેખનનાં મુખ્ય અંગો છે. તેને ધ્યાનમાં રાખીને કક્ષા પ્રમાણે અક્ષરોના મરોડ દર્શાવવા અને તે જોઈને બાળક પોતાની કલ્પનાશક્તિ ઉમેરીને જે સર્જન કરે તેનું વધારે ધ્યાન આપવું. જેથી બાળકની આગવી શૈલીનો વિકાસ થઈ શકે. અક્ષરલેખન તમારે કાગળની સાઈઝને ધ્યાનમાં રાખીને તેમજ વાક્યરચનાના અક્ષરોને ધ્યાનમાં રાખીને યોગ્ય માપના ચોરસ કે લંબચોરસમાં દોરી તેમાં પીંછીથી પુરાય તેવા જળરંગો પૂરવાના છે. અક્ષરલેખનને કલાત્મક બનાવવા જૂજ પ્રમાણમાં સ્કેચપેનનો ઉપયોગ થઈ શકશે. અહીં અક્ષરલેખનના કેટલાક નમૂના છાપ્યા છે. તેના ઉપરથી અક્ષરલેખન કરવાનો તમને સ્પષ્ટ ખ્યાલ આવશે.







સ્વચ્છ
ભારત


WATER
IS
LIFE


## શબ્દચિત્રો



ગાય




જોકર




રેંટિયો



ગુજરાત



એકતારો



રૉકેટ



દીપક



બ્યૂગલ



મોજડી



મયૂર



હંસ




ઘોડો



માછલી



હાથી



હથોડી

ચિત્ર : શ્રી મહેબૂબ એ. સૈયદ